

# લોકભારતી અધ્યાપનમંદિર

(સણોસરા)

## 2023-2024

# સ્મરણમ્ મધૂરમ્

**સ્થાપના -03/08/1948, રજીનં. ઈ-133**

**ગુજરાત રાજ્યની નં.41/SPT/10009/J થી માન્યતા પ્રાપ્ત**

**NCTE માન્યતા ક્રમાંક : 312042 : WRC/5-6/2000/62/6**





















# શ્રી દક્ષિણામૂર્તિ દેવ





શ્રી નાનાભાઈ ભટ્ટ



સ્વ પૂ. નાનાભાઈના સાથીદારો

ડાબેથી શ્રી નટવરલાલ પ્ર.બુચ, શ્રી મનુભાઈ પંચોળી, શ્રી મૂળશંકરભાઈ મો. ભટ્ટ

## Our Vision (અમારો ધ્યાનમંત્ર)

**विद्या च अविद्या च यस्तद वेदोभयं सह।**
**अविधया मृत्युं तीर्त्वा विधयामृतमशनुते।।**

ઈશોપનિષદના આ શ્લોક માં સમજાવ્યું છે તેમ આપણી બાહ્ય સ્થૂળ જરૂરિયાતો અને જીવનના સર્વ વ્યવહારોનું ઉપાર્જન કરવા માટેની શક્તિઓ ભૌતિક વિદ્યાઓ ,અને કૌશલ્યો અવિદ્યા થકી પ્રાપ્ત થાય છેજ્યારે આપણી આંતરિક વિકાસલક્ષી આધ્યાત્મિક જીવનની ; જીવનયાત્રા પછીની વૈતરણી પાર કરવાની અને જીવનનું , જરૂરિયાતો અમૃતપાન કરવા માટેની શક્તિઓ માનવીય વિદ્યાઓ થકી પ્રાપ્ત થાય છે. આમ વિદ્યા અને અવિદ્યાનો સમન્વય કરીને માણસને સારાસારનું વિવેકભાન શીખવીને તેને સંસ્કારી,સંવેદનશીલ અને જાગૃત નાગરિક બનવાનું સ્વપન 'લોકભારતી'નું છે.

## Our Mission(અમારું જીવનકાર્ય)

દેશની પ્રકૃતિ અને સંસ્કૃતિને અનુરૂપ થાય એવો
સ્થાયી વિકાસ સાધી આપતી ગ્રામાભિમુખ
લોકકેળવણીની અખંડ જ્યોત
છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું
જીવનકાર્ય 'લોકભારતી'નું છે.

# સણોસરા લોકભારતી દ્વારા આસપાસની શાળાઓમાં વિજ્ઞાન દિવસની ઉજવણી થઈ



**સુપ્રભાત સૌરાષ્ટ્ર -ભાવનગર**

લોકભારતી વિજ્ઞાન કેન્દ્ર અને લોકભારતી અધ્યાપન મંદિર સણોસરાના તાલીમાર્થીઓએ વિદ્યાર્થી... સાથે વિજ્ઞાન ...

વૈજ્ઞાનિક રમકડાં અને રમતો દ્વારા આજના દિવસને યાદગાર બના... મૈ ભી વૈજ્ઞાનિક ... શિ...

**સાંજ સમાચાર** – રાજકોટ

## વિસાવદરના રાવણી (કુબા) ખાતે પ્રાથમિક શાળાનો વાર્ષિક મહોત્સવ યોજાઈ ગયો

### લાયન્સ કલબ વિસાવદર દ્વારા તાલીમાર્થી બહેનોના સન્માન કરાયા



વિસાવદર, તા.૨૮

વિસાવદર તાલુકાની તાજેતરમાં જ વિસાવદર તાલુકાની શાળા રાવણી (કુબા) પ્રાથમિક શાળા ખાતે શાળા દ્વારા વાર્ષિક મહોત્સવ યોજાઈ ગયો શાળા ખાતે ઈન્ટર્નશિપ અંતર્ગત લોકભારતી અધ્યાપન મંદિર સણોસરા થી આવેલ પ્રથમવર્ષ તેમજ દ્વિતીય વર્ષ ના તાલીમાર્થી બહેનોના માર્ગદર્શન દ્વારા લાયન્સ કલબ વિસાવદર ના પ્રેસિડેન્ટ લાયન ચંદ્રકાન્ત ખુહા તેમજ સેક્રેટરી લાયન રમણીકભાઈ ગોહેલના સયુંકત માર્ગદર્શન હેઠળ તાલીમાર્થી બહેનો ને સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરી પ્રોત્સાહિત કરેલ તેમજ સંજયભાઈ ધ્રાંગિયા તરફથી શાળાનાં તમામ વિદ્યાર્થીઓને નાસ્તો આપવામાં આવેલ

## ગીરના નેસડામાં આનંદધારા ચાંપરડા અંતર્ગત એક પખવાડિયાનો ચાલતો શિક્ષણ યજ્ઞ

### લોકભારતી અધ્યાપન મંદિર સણોસરાના શિક્ષક તાલીમાર્થીઓ માલધારી ભૂલકાઓને ભણાવી રહ્યા છે પાઠ





પ્રતિનિધિ દ્વારા ઈશ્વરિયા તા. ૨૪

શિક્ષણ માટે શહેરોની ઘેલછા સામે ચાંપરડા અને સણોસરાની સંસ્થાઓ દ્વારા વંદનીય કાર્ય થઈ રહ્યું છે, કે નિહાળવા કે જાણવા ગીરના નેસડામાં ચાલતા શિક્ષણ યજ્ઞને જોવો પડશે.

સણોસરાની સુપ્રસિદ્ધ સંસ્થા લોકભારતી અધ્યાપન મંદિરના ૧૪૪ શિક્ષક તાલીમાર્થીઓએ એક પખવાડિયા માટે ગીરમાં ધામા નાખ્યાં છે અને શિક્ષણ યજ્ઞ આદર્યો છે.

ચાંપરડા ખાતે શિક્ષણ, આરોગ્ય અને ગ્રામવિકાસ સાથેની સેવાની ધૂણી ધખાવતા મુક્તાનંદબાપુની પ્રેરણાથી અને શિક્ષણવિદ્ નલીનભાઈ પંડિતના માર્ગદર્શન સાથે આનંદધારા અભિયાનનો ઘણાં વિસ્તારને લાભ મળી રહ્યો છે. આનંદધારા અંતર્ગત જ ગીરના નેસડાઓની શાળાઓમાં ગતતા.૧૬થી આગામી તા.૩૦ દરમિયાન લોકભારતી દ્વારા શિક્ષણ યજ્ઞમાં તાલીમાર્થી વિદ્યાર્થીઓ આહુતિ અર્પી રહ્યા છે.

લોકભારતી અધ્યાપન મંદિરના આચાર્ય જગદીશગિરિ ગોસાઈ દ્વારા જણાવ્યા મુજબ માત્ર પાઠ્યક્રમ નહિ, પણ આ ભૂલકાઓને ગમ્મત... રીતભાતને અનુકૂળ લેખન ... ગણનના શિક્ષણ સાથે ખ... શોધ જેવી રમત ગમત, બાળમે... ગીતગાન અને સાંસ્કૃતિક કાર્ય... વગેરેની મોજ પીરસતા પીર... જીવનની કેળવણી આપ... સ્તુત્ય ઉપક્રમ રહ્યો છે. અ... જ તાલીમ લેતા અને ... લોકભારતીના વિદ્યાર્થીઓ... નેસડામાં રાત ઠંડીના તાપ... લોકજીવનની કેળવણી ... થઈ રહી છે. શિક્ષણ ... રહેલા રમેશભાઈ ઉપા... નિષ્ણાતો પણ સા... ઉપક્રમ સફળ ... ગણાવી રહ્યા છે.

### તપાગારાક્ષણ માટે શિક્ષણની સાથે અન્ય પ્રવૃત્તિઓ પણ કરાવશે

**આવકાર દાયક કામગીરી** | લોકભારતી સંસ્થા સણોસરાના 50 તાલીમાર્થીઓએ બીડું ઝડપ્યું,

## ગીર નેસની શાળામાં શિક્ષણની ગુણવત્તા સુધારવાનો કાર્યક્રમ શરૂ

એજ્યુકેશન રિપોર્ટર | જૂનાગઢ

...બાળકોમાં ... પ્રોજેક્ટના નિયામક આર.એસ. ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, સણોસરા સ્થિત લોકભારતી સંસ્થામાં શિક્ષક ... માટેની તાલીમ અપાય છે. આવા ... નેસ શાળાઓનાં આંગણે આવ્યા છે.લોકભારતીમાં લેવા કરતાં આપવાની ભાવના ભરપૂર છે.

લોકભારતીનો આ મહામંત્ર છે જેના કારણે નેસનાં ભૂલકાઓનું ભાવિ ... આનંદધારા દ્વારા ...



### ગત વર્ષે 150થી વધુ તાલીમાર્થી જોડાયા હતા

ગત વર્ષે આનંદ ધારા પ્રોજેક્ટ અંતર્ગત 150થી વધુ તાલીમાર્થી જોડાયા હતા. આ તાલીમાર્થીઓએ ગીરના નેસ... શાળામાં તેમજ શાળાએ ન જ... બાળકોને નેસમાં જઈ અભ્યાસ કરા... હતો. જેના કારણે ધોરણ 3માં લેખ... 0.58 ટકા, વાંચનમાં 4.02 ટકા... ગણનમાં 1.50 ટકાનો સુધારો...

# લોકભારતી અધ્યાપન મંદિર

લોકભારતી ગ્રામવિદ્યાપીઠનો ઉદ્દેશ્ય છે ગ્રામ નેતાગીરીનું નિર્માણ કરવું. ગ્રામ સમાજમાં નિર્ણાયક ભાગ ભજવનાર ત્રણ હોદ્દેદાર છે.

(૧) પ્રાથમિક શાળાના શિક્ષકો

(૨) સરપંચ અને ગ્રામપંચાયતના મંત્રી

(૩) ગ્રામસેવક

જો આ ત્રણે મોરચા બરાબર સંભાળવામાં આવે તો ગ્રામસમાજના ઉત્થાનમાં ઘણી ગતિ આવી શકે.

આથી લોકભારતીની સ્થાપના પહેલાં ૧૯૪૮માં ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા ખાતે અધ્યાપન મંદિરની સ્થાપના કરવામાં આવી હતી.

લોકભારતી અધ્યાપનમંદિર પ્રથમ ગ્રામદક્ષિણામૂર્તિ અધ્યાપન મંદિર તરીકે ૧૯૪૮ના ઓગષ્ટ માસમાં સોનગઢ ના પ્રાંત બંગલામાં,સૌરાષ્ટ્ર રાજયના તત્કાલીન મુખ્યપ્રધાન સ્વ.શ્રી ઢેબરભાઈના શુભ હસ્તે ઉદ્દઘાટિત થયું. બીજા સત્રમાં આંબલાના આંબાવાડિયામાં ફેરવવામાં આવ્યું. નિવાસ માટે લીપેંલા–ગુંપેલા ઝૂંપડા બનાવેલાં અને વર્ગો માટે તંબુ ઊભો કરેલો. આંગણામાં સરસ મઝાની રંગોળીઓ અને ઝાડ પર પંખીઓના કલશોર. આવા વાતાવરણમાં કુદરતના ખોળે અધ્યાપન મંદિર ચાલે.

પરિવાર ભાવનાવાળું છાત્રાલયજીવન, ગ્રામાભિમુખ જીવનપ્રણાલી, બાલપ્રેમ આધારિત તાલીમ એ તેની વિશેષતાઓ. સૌરાષ્ટ્ર સરકારે અભ્યાસક્રમ અને પરીક્ષણોમાં સ્વાયત્તતા આપી હતી એટલે એ વિશેષતાઓ ઉપર કળશ ચડયો.

લોકભારતી ૧૯૫૩માં શરૂ થઈ. તે પછી તે ઉચ્ચશિક્ષણની સંસ્થા હોવા છતાં અધ્યાપન મંદિરની પ્રવૃત્તિની મહત્તા સ્વીકારીને આંબલાની લોકશાળા સિવાયની અન્ય પ્રવૃત્તિઓ લોકભારતી સંસ્થાના પ્રાંગણ પર લઈ જવી તેમ નકકી થતાં અધ્યાપન મંદિરને જૂન ૧૯૫૪થી લોકભારતીમાં સ્થાન મળ્યું અને તેને લોકભારતીના પારિવારિક જીવન અને વાતાવરણનો લાભ મળ્યો. શિક્ષણમાં અતિ સંવેદનશીલ અને ફળદાયી ગાળો પ્રાથમિક શિક્ષણનો છે. તેમાં ઉત્તમ શિક્ષકો હોય તો વિદ્યાર્થીના ચારિત્ર્ય ઘડતરનો પાયો યોગ્ય રીતે બંધાઈ શકે, માટે લોકભારતીએ પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમ ઉપર પ્રથમથી જ ધ્યાન આપ્યું હતું. વળી, પ્રાથમિક શાળાની કક્ષાથી જ બુનિયાદી કેળવણીનાં પાયાંના તત્વોનો વિનિયોગ કરવો હોય તો તેની તાલીમ પામેલા શિક્ષકો હોવા જોઈએ.

આ માટે પ્રયોગશીલતા આવશ્યક ગણાય. પ્રયોગશીલતા માટે સ્વાયત્તતા જરૂરી ગણાય. સૌરાષ્ટ્ર અને ગુજરાત રાજયના શિક્ષણ વિભાગે લોકભારતી અધ્યાપન મંદિરની સ્થાપનાથી પ્રવેશ ધોરણો ઠરાવવાની, શિક્ષણપદ્ધતિઓ ઠરાવવાની, અને પરીક્ષા લેવાની સ્વાયત્તતા આપેલી. છેલ્લા ૭૧ વર્ષથી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને લોકભારતી સંસ્થા જ પ્રમાણપત્ર આપે છે. તેને નોકરી માટે સરકારે માન્યતા આપેલી છે.

બુનિયાદી શિક્ષણ માટેના શિક્ષકો તૈયાર કરવાના હોવાથી લોકભારતી અધ્યાપનમંદિરમાં પરિશ્રમ, સમૂહજીવન, સહશિક્ષણ, સમાજ સેવા, સેવા વિસ્તરણ કાર્ય, સતત અને સળંગ મૂલ્યાંકન વગેરેને મહત્વનું સ્થાન મળેલું છે. ઉદ્યોગ તરીકે

કાંતણ અને ખેતી ઉદ્યોગને સ્થાન અપાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી કમ્પ્યુટરશિક્ષણ ફરજિયાત બનાવાયું છે. વિદ્યાર્થીઓ પોતાને જરૂરી કામ જેમ કે–ચિત્ર સ્કેન કરવું, પત્ર તૈયાર કરવો, અહેવાલ લેખન કરવું, પત્રકો તૈયાર કરવા, વર્ગશિક્ષણમાં જરૂરી સ્લાઈડ તૈયાર કરવી, વગેરે જેવાં કાર્યો ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકે છે. તેની પરીક્ષા પણ લેવામાં આવે છે.

આ વિભાગની વિશેષતાઓ નીચે મુજબ છે.

(૧) સમૂહજીવનઃ– સમગ્ર ગુજરાતમાં આ એક માત્ર અધ્યાપન મંદિર હતું જેમાં સહશિક્ષણ અને છાત્રાલય જીવન અનિવાર્ય ગણવામાં આવ્યું છે. આજે જી.સી.ઈ.આર.ટી.એ સ્વનિર્ભર પી.ટી.સી. કોલેજોમાં સહશિક્ષણ ફરજિયાત બનાવ્યું છે. લોકભારતીએ વર્ગશિક્ષણ અને સમૂહજીવનને કદી છૂટાં પાડયા નથી. વિદ્યાર્થીના ચારિત્ર્યઘડતર માટેની ઉત્તમ તકો સમૂહજીવન માંથી મળે છે. વિદ્યાર્થીઓ છાત્રાલયની તમામ જવાબદારીઓ ઉપાડે છે, જેવી કે રસોડા સંચાલન, સફાઈ, શાક સમારવું, ભાખરી–રોટલી વણવી, પીરસવું, કોઠાર લાવવો વગેરે આના કારણે તેમનું ઘડતર વિશેષ ભાવે થાય છે. શિક્ષક–વિદ્યાર્થીના આત્મીય સંબંધો વિકસે છે. શિક્ષકોનું મમતાભર્યું માર્ગદર્શન મળે છે.

(૨) સમાજસેવાઃ– અધયાપનમંદિર દ્વારા સમાજસેવાના વિવિધ કાર્યક્રમો થાય છે.જેવા કે ગ્રામ સફાઈ, ગ્રામ શિબિર, ગ્રામ સભા, પોલીયો રસીકરણ માં ભાગીદારી, સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનમાં ભાગીદારી, વાવાઝોડું, ભૂકંપ , સુનામી, દુષ્કાળ, રેલ જેવી કુદરતી આફતોમાં રાહત કાર્ય, રકતદાન કેમ્પ, દંત યજ્ઞ આવા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ આજ સુધીમાં પ્રશંસનીય કામગીરી કરેલ છે.

(૩) સમાજોપયોગી ઉત્પાદક ઉદ્યોગઃ– સમજપૂર્વકનો ઉત્પાદક પરિશ્રમ આનંદદાયી અને ફળદાયી બને છે. કૃષિવિદ્યાના પ્લોટોમાં પ્રકૃતિના કાયદાનો અનુભવ પણ થતો રહે અને આ અનુભવ દ્વારા આનંદ અને આત્મતૃપ્તિ સાંપડતા રહે તો બહુ મોટું કામ થાય. એટલે અધ્યાપકો–તાલીમાર્થીઓ સંયુકત પ્રયાસે કૃષિવિદ્યાના પ્લોટોમાં પુરુષાર્થ કરે અને કૃષિવિજ્ઞાનનો પ્રત્યક્ષ અનુભવ કરતાં કરતાં ઊંચા ઉત્પાદનના શિખરો સર કરે, સાથે સાથે શ્રમજીવનનું ગૌરવ સ્થાપીને શ્રમજીવીઓ પ્રત્યેનો આદર કેળવે તેવી ભૂમિકા ઊભી કરવાના હેતુથી ખેતી ઉદ્યોગને પણ સ્થાન અપાયું છે. વાડોલિયું–ઔષધબાગ કે કોઈ એક ચોમાસુ પાકમાં વિદ્યાર્થીઓ શરૂઆતથી અંત સુધી તમામ પ્રક્રિયાઓમાં જોડાય છે– અને એ દ્વારા મળતું ઉત્પાદન યોગ્ય જગ્યાએ વપરાય છે. રોકડ રકમ કયારેક ગરીબ–જરૂરિયાતમંદ વિદ્યાર્થીના લવાજમ કે પ્રવાસ ખર્ચ માટે પણ અપાય છે. વળી, કાંતણ ઉદ્યોગમાંથી પણ દરેક વિદ્યાર્થી પસાર થતા હતા. આજે કમ્પ્યૂટર શિક્ષણ ફરજિયાત બનતા અંબર કાંતવાનો અનુભવ નહિવત્ મળે છે. બદલાતા સંજોગો મુજબ તેના સ્વરૂપમાં ફેરફાર થયા કર્યા છે. જેવાં કે ગ્રામસફાઈ, ગ્રામસુશોભન, ભીંતસૂત્રલેખન, શ્રમયજ્ઞ, ગ્રામશિબિર, પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમો, અંધશ્રધ્ધા–નાબુદીના કાર્યક્રમો, સ્વચ્છતા અભિયાન, સાક્ષરતા અભિયાન, નિદાન કેમ્પો, પોલિયો રસીકરણ, વિવિધ પ્રકારના સર્વેક્ષણ, બાલ આનંદમેળા, વિજ્ઞાનમેળા, જેવા કાર્યક્રમોનું આયોજન વિદ્યાર્થીઓ અને અનુભવી અધ્યાપકો મળીને કરે છે. સાબુ બનાવટની પ્રક્રિયામાંથી પણ વિદ્યાર્થીઓને પસાર કરવામાં આવે છે. આથી આસપાસના ગામોની શાળાઓ સાથે એક પ્રકારનો પરિવારભાવ પેદા થયો છે. કોઈપણ કાર્યક્રમો શાળાઓના શિક્ષકો અને અધ્યાપનમંદિર પરિવાર સાથે મળીને યોજે છે!

(૪) અભ્યાસક્રમના ભાગરૂપે બાલવાડી શિબિરઃ–

છેલ્લાં ૪૭ વર્ષથી અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ માટે બાલવાડી શિબિરનું આયોજન થાય છે. આ પ્રકારનો કાર્યક્રમ યોજાતો હોય તેવું આ એક માત્ર અધ્યાપનમંદિર છે. સાત દિવસ સુધી તાલીમાર્થી વિવિધ પ્રકારની શાળાઓ–બાલશાળા, સંગીતશાળા, વિજ્ઞાનશાળા, નાટયશાળા, રમતશાળા, સર્જનશાળાઓમાં વિવિધ પ્રકારના કૌશલ્યો શીખે છે. તેમની સાથે પ્રાથમિક શાળાનાં બાળકો પણ જોડાય છે. બીજા વર્ષના વિદ્યાર્થીઓ સમગ્ર શિબિરનું સંચાલન કરે

છે. જયારે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ, તાલીમાર્થીઓ તરીકે દરેક શાળાઓમાં અનુભવ મેળવે છે. દરરોજ અનુભવી તજજ્ઞો દ્વારા બાલમાનસને સંલગ્ન વાર્તાલાપ યોજાય છે. લોકભારતી અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓને બાલગીતો, બાલવાર્તા–બાલનાટકોમાં પ્રતિબદ્ધ બનાવવામાં તથા આત્મવિશ્વાસ કેળવવામાં આ શિબિરનો અનન્ય ફાળો છે.

(૫) અનુબંધિત શિક્ષણ ગ્રામસેવા અને વિસ્તરણ કાર્યક્રમોઃ–

તાલીમાર્થીઓ જે શૈક્ષણિક વિચારો અને સિદ્ધાંતો ભણ્યા તેનો વ્યવહારમાં અમલ કરે ત્યારે જ તેનો સાચો અનુબંધ થયો ગણાય. આ માટે સતત શિક્ષણ માટે પંદર દિવસ જાય છે તેમાં શાળાની તમામ જવાબદારી ઉપાડે છે, સંચાલન કરે છે, પ્રશ્નો અને તેના ઉકેલો સમજે છે. ગ્રામ વિસ્તારમાં ચાલતી પ્રગતિશીલ શાળાઓનો અભ્યાસ અને પંદર દિવસ શાળાના કામનો અનુભવ લેતાં લેતાં કામ માટેનો આત્મ વિશ્વાસ કેળવવાની તકો આ કાર્યક્રમ દરમ્યાન તાલીમાર્થીને સાંપડે છે. નિષ્ઠા અને દ્રષ્ટિવાળા ત્યાંના શિક્ષકો સાથે વાર્તાલાપ યોજીને સિદ્ધાંત અને વ્યવહારને સાંકળવાનો સભાન પ્રયાસ આ દરમ્યાન કરવામાં આવે છે, તેમજ આ સમય દરમિયાન તાલીમાર્થી કોઈ એક બાળક માટે આત્મીયતાભર્યો સંબંધ કેળવીને તેના વર્તનનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરી લે છે. આ દિવસો દરમ્યાન શાળાનાં બાળકોને ગીતો, વાર્તાઓ, નાટકો વગેરેમાં પલોટીને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા અભિવ્યકિતની તકો આપવામાં આવે છે. આ રીતે ગામના હજારો વાલીઓની હાજરીમાં બાળકો જયારે અભિવ્યકિત કરે છે ત્યારે તેમનામાં કેળવાયેલી કુશળતાથી ખુદ શિક્ષકો અને વાલીઓ આનંદ સાથે આશ્ચર્ય અનુભવે છે અને પંદર દિવસને અંતે જયારે તાલીમાર્થી ભાઈ–બહેનો અધ્યાપન મંદિરમાં પાછા ફરતા હોય ત્યારે બધાં બાળકો ભીની આંખે આવજો... આવજો કહેતાં હોય છે. ત્યારબાદ તાલીમાર્થી અને બાળકો વચ્ચે પત્રવ્યવહાર પણ ચાલુ રહ્યા છે.

વળી, આસપાસના ગામની શાળાઓમાં વિજ્ઞાન શિક્ષણ પ્રયોગ દ્વારા શિખવવાની અનન્ય પદ્ધતિથી શ્રેણી ૫–૬–૭ –૮ ના તમામ પ્રયોગો બાળકોને તાલીમાર્થીઓ કરાવે છે.

વિવિધ દિવસની ઊજવણી જેવી કે પર્યાવરણ દિન, રાષ્ટ્રીય વિજ્ઞાન દિન, શિક્ષક દિન, હિરોશિમા દિન જેવાં કાર્યક્રમો શાળાની સાથે રહીને ઊજવે છે. આ દરેક કાર્યક્રમોમાં તાલીમાર્થીઓ આયોજન–અમલ–મૂલ્યાંકનની પ્રક્રિયામાંથી પસાર થાય છે.

(૬) શૈક્ષણિક સાધન...સાહિત્યનિર્માણ.

પ્રાયોગિક પાઠો દરમ્યાન જે જે સાધનોની જરૂરિયાત ઊભી થાય તે સાધનો તાલીમાર્થીઓ જાતે બનાવી લે છે. વિવિધ ચાર્ટસ, ચિત્રો, નકશાઓ, વર્કીંગ મોડેલ, સંગ્રહ પોથી, વિવિધ વિષયના અંકો બનાવવા, પ્રદર્શન તૈયાર કરવું વગેરે જેવી અધ્યયન–અધ્યાપન સામગ્રી નિર્માણ કરવાનું કામ અહીંના તાલીમાર્થીઓ સસ્તી રીતે અને જાતે તૈયાર કરે છે. જે પ્રાયોગિક પાઠો દરમ્યાન તથા સતત શિક્ષણ દરમ્યાન ઉપયોગી બને છે.

(૭) સતત સળંગ મૂલ્યાંકન.

વર્ષ દરમ્યાન સમયાંતરે વિષય શિક્ષણનું સતત મૂલ્યાંકન થતું રહે છે. ૫૦ ટકા મહત્વ આંતરિક કસોટીઓનું અને ૫૦ ટકા મહત્વ વાર્ષિક પરીક્ષાનું છે. પરીક્ષાની સમગ્ર પ્રક્રિયા ભણાવનાર અધ્યાપકો જ કરે છે. લોકભારતી અધ્યાપન મંદિર જ માર્કશીટ આપે છે. ગ્રેડપદ્ધતિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જી.સી.ઈ.આર.ટી. દ્વારા સમગ્ર ગુજરાતમાં તાલીમભવનો અને અધ્યાપન મંદિરોમાં જે જે કાર્યક્રમો– જે જે બાબતો તાજેતરમાં ફરજિયાત અમલી બનાવાઈ રહી છે તે બાબતો આ અધ્યાપન મંદિરમાં શરૂઆતથી જ અમલી છે ! ગ્રેડ પદ્ધતિ શરૂઆતથી જ છે.

(૮) અધ્યયન પ્રક્રિયા

મૂળે સૌરાષ્ટ્ર રાજયે, પછી ગુજરાત રાજયે અધ્યયન પ્રક્રિયા અંગે લોકભારતી અધ્યાપન મંદિરને સ્વાયત્તતા આપેલી છે.સરકારના શિક્ષણ વિભાગે નિયત કરેલ અભ્યાસક્રમ ઉપરાંત જરૂરી મુદ્દાઓ તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓને અહીં સમાવવામાં આવે છે. અભ્યાસક્રમને કેન્દ્રમાં રાખી જૂથકાર્ય, પ્રોજેકટ પદ્ધતિ, પરિસંવાદ, ચર્ચા, વ્યાખ્યાન, સ્વાધ્યાય જેવી પદ્ધતિઓ અને પ્રયુકિતઓનો ઉપયોગ અહીં કરવામાં આવે છે.

પ્રાર્થના સંમેલનની પ્રવૃત્તિને વિશેષ રીતે યોજવામાં આવે છે. દરેક તાલીમાર્થીઓને તેમાં બાલગીત–બાલવાર્તા–સુવિચાર–સમાચાર–વકતવ્ય આપવાની તાલીમ અપાય છે.

(૯) શિક્ષણ–સેવા વિસ્તરણની પ્રવૃત્તિઓ.

લોકભારતી દ્વારા યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે પ્રૌઢશિક્ષણ, બાલમંદિર, ફરતું પુસ્તકાલય, ગૌ–ઓલાદ સુધારણા–અવૈધિક શિક્ષણ–નિદાન કેમ્પો, વ્યાખ્યાનો જેવા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ અવાર–નવાર ભાગીદાર બને છે.

લોકભારતી અધ્યાપન મંદિરે આસપાસના ૧૨ ગામોની શાળાઓ દત્તક લીધેલ છે. તેમનું શૈક્ષણિક સ્તર સુધારવા શિક્ષકો માટે રમતના વર્ગો, સંગીતના વર્ગો, ક્ષમતાલક્ષી અભ્યાસક્રમના તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવે છે. રાષ્ટ્રીયપર્વોની ઊજવણીનાં આયોજન અને અમલમાં પ્રશિક્ષણાર્થીઓ સહાયક બને છે. આસપાસની શાળાઓના બાગ સરસ થાય તે માટે ફૂલછોડ અને વૃક્ષોના રોપાનું વિતરણ કરે છે. ઔષધબાગ નિર્માણ માટે પણ માર્ગદર્શન–મદદ પૂરી પાડે છે. નિયમિત વાલીસંમેલન યોજીને પ્રશિક્ષણાર્થીને વાલી સંમેલન કઈ રીતે યોજી શકાય તેની તાલીમ અપાય છે.

(૧૦) અભ્યાસક્રમને પૂરક એવી અનેક પ્રવૃત્તિઓ.

લોકભારતી લોકવિજ્ઞાનકેન્દ્ર સાથે ભાગીદારી કરીને આકાશદર્શન તેમજ વિવિધ પ્રકારના કાર્યક્રમોમાં પ્રશિક્ષણાર્થીઓ સામેલ થાય છે જે તેને ભવિષ્યમાં પોતાની શાળામાં વિવિધ પ્રકારના મેળાઓ, તેમજ વિવિધ દિનની ઊજવણીમાં ઉપયોગી થાય છે. અધ્યાપન મંદિરના વિજ્ઞાનમંડળ દ્વારા વિજ્ઞાનના પ્રયોગો શાળામાં જઈને કરવામાં આવે છે. વિદ્યાર્થીઓનો વૈજ્ઞાનિક અભિગમ કેમ કેળવાય તેમજ પ્રયોગો માટે ખર્ચાળ સાધનો અનિવાર્ય નથી પરંતુ ઘરગથ્થુ, નકામી પડેલી, બિન ઉપયોગી વસ્તુઓથી પણ વિજ્ઞાન–ગણિત અને પર્યાવરણના પ્રયોગો કરી શકાય છે તેની પ્રશિક્ષણાર્થીઓ અને શાળાના વિદ્યાર્થીઓને ખાતરી થાય છે. છેલ્લા કેટલાંક વર્ષથી વિદ્યાર્થીઓ વાચન શિબિરમાંથી સરસ રીતે પસાર થાય છે. સત્રમાં એક વખત વાચન શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ દસ દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓ પોતાના ફુરસદના સમયમાં પોતાનું મનગમતું ઈતરવાચન કરે છે. શિબિર પૂર્વે અધ્યાપકો દ્વારા વાંચવાલાયક પુસ્તકોનો પરિચય તેમજ રસાસ્વાદ કરાવવામાં આવે છે. ત્યારબાદ વિદ્યાર્થી દસ દિવસ દરમ્યાન વાચેલા પુસ્તકોની ટૂંકી નોંધ તૈયાર કરે છે. છેલ્લા એક વર્ષથી લોકભારતીના તમામ વિદ્યાર્થીઓ માટે યોજાતી લોકભારતીત્વ પરિચય સંગોષ્ઠિ કાર્યક્રમમાંથી પણ વિદ્યાર્થીઓ પસાર થાય છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠના મૂળ વિચારને સમજવામાં તેમજ ગાંધી વિચારને સમજવામાં આ કાર્યક્રમ ઘણો અસરકારક બની રહે છે તેવું વિદ્યાર્થીઓનું કહેવું છે.

(૧૧) ભણતા ભણતા કમાણી.

વિદ્યાર્થીઓ અહીંના વસવાટ દરમ્યાન વિવિધ વિભાગોમાં શ્રમ કરીને પોતાનો થોડો ઘણો ખર્ચ ઉપાડે છે.

(૧૨) કામમાં પડયા પછીય સંબંધ.

તાલીમાર્થીઓ તાલીમકાળ દરમ્યાન બાલશિક્ષણ, પ્રૌઢશિક્ષણ અને વિવિધ વિષયની વ્યવહારુ પ્રયોજનાઓ દ્વારા અનુભૂતિપૂર્ણ અધ્યયન કરે છે અને નઈતાલીમમાં શ્રદ્ધાવાળા કેળવણીકારો સાથે વિચારવિનિમય કરે છે. સંસ્થામાં કાર્યકરો

પણ એ જ કેમ્પસમાં રહેતા હોવાથી કાર્યકર વિદ્યાર્થી વચ્ચે આત્મીય સંબંધ બંધાય છે જે જીવનપર્યંત ચાલુ રહ્યા છે અને સારા–માઠા પ્રસંગે ઉપયોગી બન્યા છે.

તાજેતરમાં લોકભારતી અધ્યાપન મંદિરમાં પ્રાર્થનાખંડ માટેની તમામ રકમ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી મળી છે અને સૌના સહિયારા પ્રયાસથી પ્રાર્થનાખંડ તૈયાર થયો છે. કોમ્પ્યૂટરખંડ, સ્ટેજ,સ્માર્ટ કલાસરૂમ અને ઓપન કલાસ તૈયાર થઈ ગયો છે. દર વર્ષે સંસ્થાના વાર્ષિકોત્સવ પ્રસંગે તેમજ અન્ય પ્રસંગે સૌ વિદ્યાર્થીઓ લોકભારતી આવતા રહે છે તેનું આ સુખદ સંભારણું છે!

છેલ્લાં પાંચ વર્ષમાં પરીક્ષાનાં પરિણામ ૧૦૦ ટકા આવ્યાં છે. અત્યાર સુધીમાં ૪૯૪૧ (ભાઈઓ અને બહેનો) એ શિક્ષક તરીકે તાલીમ મેળવી છે.આ તાલીમાર્થીઓ સમગ્ર ગુજરાતમાં તમામ જિલ્લાઓમાં પથરાયેલાં છે. સાવ અંતરિયાળ ગામોમાં પણ સરસ કાર્ય કરી રહ્યાં છે.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ લોકભારતી અધ્યાપન મંદિરના અભ્યાસ દરમ્યાન જે જે શૈક્ષણિક મૂલ્યો મેળવ્યાં છે તેનો વિનિયોગ તેઓ પોતાની શિક્ષક તરીકેની કામગીરીમાં કેટલો કરે છે તેને આધારે અધ્યાપન મંદિરની કામગીરીની સફળતાને માપી શકાય. તેમાં નીચે મુજબની વિશેષતાઓ જોવા મળી છે.

(૧) લોકભારતી અધ્યાપન મંદિરમાં અભ્યાસ કર્યો હોય તેવા શિક્ષકો સફાઈ અને સુશોભન તથા સમયપાલનના આગ્રહી હોય છે.

(૨) સમાજ સાથે સાયુજય સ્થાપી શકે છે.

(૩) બધી પ્રવૃત્તિઓ જવાબદારીપૂર્વક કરે છે.

(૪) નવા વિચારો કે પ્રયોગોને આવકારે છે. પોતાના અધ્યાપન કાર્યમાં પ્રયોગો કરે છે.

(૫) વિવિધ રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક પર્વોની ઊજવણી સરસ રીતે કરે છે.

(૬) તેમનામાં નેતાગીરીના ગુણો કેળવાયેલા હોય છે.

(૭) વિષયશિક્ષણ પરત્વે નિષ્ઠા તથા જાગૃતિ તેમનામાં દેખાય છે.

(૮) લોકભારતી અધ્યાપન મંદિરના અનેક વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન થયાં છે.

લોકભારતી અધ્યાપન મંદિરની ઉત્તમ પરંપરાઓ અને શૈક્ષણિક દ્રષ્ટિના નિર્માણમાં શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી મનુભાઈ પંચોળી, શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ, શ્રી ન.પ્ર. બુચ, શ્રી ચુનીભાઈ શાહ જેવા છે તેથી પ્રયોગશીલતા જળવાઈ રહી છે. લોકભારતીના પ્રાંગણ પરની પ્રવૃત્તિઓ અને શૈક્ષણિક વાતાવરણનો લાભ અધ્યાપન મંદિરને પણ મળે છે.

લોકભારતી અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓને શિક્ષક તરીકે તમામ જિલ્લાઓમાં આવકારવામાં આવે છે. કાર્યની પ્રામાણિકતા અને નિષ્ઠાથી તેમણે પોતાનું સ્થાન ઊભું કર્યુ છે. ઊગતી પેઢીના શિક્ષણ દ્વારા તેઓ પણ ગ્રામોત્થાનમાં ફાળો આપે છે.

લોકભારતી ગ્રામવિદ્યાપીઠનું પ્રવર્તમાન ટ્રસ્ટીમંડળ અને કાર્યવાહકો જેઓની હૂંફ અને માર્ગદર્શન અધ્યાપન મંદિર વિભાગને સતત મળતા રહે છે.

- આ.શ્રી અરુણભાઈ દવે — મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
- આ.શ્રી રઘુવીરભાઈ ચૌધરી — મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
- આ.શ્રી રામચંદ્રભાઈ પંચોળી — ટ્રસ્ટીશ્રી
- આ.શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ — ટ્રસ્ટીશ્રી

- આ.શ્રી દિપેશભાઈ શ્રોફ ટ્રસ્ટીશ્રી
- આ.શ્રી. મધુકરભાઈ પારેખ ટ્રસ્ટીશ્રી
- આ.શ્રી લવજીભાઈ ડાલિયા ટ્રસ્ટીશ્રી
- આ.શ્રી હસમુખભાઈ પટેલ ટ્રસ્ટીશ્રી
- આ.શ્રી હસમુખભાઈ દેવમુરારિ નિયામકશ્રી
-

અત્યાર સુધીમાં અધ્યાપન મંદિરમાં આચાર્ય તરીકે સેવાઓ આપનાર મહાનુભાવો આ મુજબ છે.

- શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
- શ્રી લક્ષ્મણભાઈ પટેલ
- શ્રી ચુનિભાઈ શાહ
- શ્રી મણિભાઈ પંડયા
- શ્રી ગણેશભાઈ ડાભી
- શ્રી નરેન્દ્રદેવ પાઠક
- શ્રી દેસુરભાઈ આહિર
- શ્રી ચંપકભાઈ સોની
- શ્રી રાજેન્દ્રભાઈ ઉપાધ્યાય
- શ્રી હસિતભાઈ મહેતા (ઈન્ચાર્જ આચાર્ય)
- ડૉ. ભાવનાબેન પાઠક
- શ્રી અજયભાઈ પંડયા (ઈન્ચાર્જ આચાર્ય)
- શ્રી જગદિશગિરિ ગોસાઈ (હાલ આચાર્ય)

## બાળ કેળવણી

હું જો શિક્ષકોને સમજાવી શકું તો પ્રાથમિક શિક્ષણને સારું પાઠયપુસ્તક બંધ કરું અથવા પાઠયપુસ્તકો માત્ર શિક્ષકો સારું જ રાખું. પુસ્તકોની રચના જુદી જ હોય. બાળકને પ્રથમ કકકો શીખવવાને બદલે ડ્રોઈંગ શીખવવુ કે જેથી બાળક પ્રથમથી જ સુંદર આકૃતિઓ કાઢતા શીખે. બારખડી પૂરી કરતાં ભલે તેને બેથી ત્રણ વર્ષ જાય. એ ત્રણ વર્ષમાં મુખેથી બાળક ને ઘણું વ્યવહારીક જ્ઞાન અપાય. તેને ગીતાજી વગેરેમાંથી શ્લોકો ગોખાવી તેની સ્મરણશકિત કેળવાય. તે વાટે તેના કાન કેળવાય. તેની જીભ શુધ્ધ ઉચ્ચારણ સારુ કેળવાય ને તેની આંખને અવલોકતાં કેળવાય. આમ બાળકની બધી શકિતઓનો વિકાસ એકસાથે કરાય. દરમિયાન અક્ષરજ્ઞાનને નોખી કળારૂપે ખીલવી શકાય. આજકાલ જુવાનિયાઓના અક્ષર એટલા બધા ખરાબ હોય છે કે ચીતરી ચડે, વાંચતા કંટાળો આવે. હું જાતઅનુભવે આ વાકયો લખી રહયો છું, કેમ કે, મારા અક્ષર એવા ખરાબ છે કે મને કોઈની ઉપર કાગળ લખતા શરમ આવે છે ને મારા અક્ષર વિશે મને હંમેશા ખેદ રહે છે. જેમ કાચું અનાજ ખવાય નહીં તેમ કાચા અક્ષર લખનાર જંગલી ગણાય. તેના વાંચવાનો બહિષ્કાર હોવો જોઈએ એમ મને ઘણી વેળા લાગ્યુ છે.

જો પ્રાથમિક કેળવણીને વિશે આ પહેલું અને આવશ્યક પગલું ભરીએ તો ઘણા ખર્ચમાંથી બચી જઈએ, એટલું જ નહી પણ બાળકોના આયુષ્યમાં વધારો કરીએ, કેમ કે તેના વિકાસમાં વધારો કરીએ.

–ગાંધીજી
(ગાંધીજીનો અક્ષરદેહ– ૨૫માંથી સારવીને)

# આપણી વિવિધ પ્રવૃત્તિઓ

લોકભારતી અધ્યાપન મંદિર લોકભારતી ગ્રામ વિદ્યાપીઠનો એક વિભાગ હોવાથી લોકભારતી ગ્રામવિદ્યાપીઠની આચારસંહિતા, નીતિનિયમો તેમજ સંસ્થામાં વર્ષ દરમ્યાન યોજાતા તમામ કાર્યક્રમોમાં અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ અભ્યાસક્રમના ભાગરૂપે જોડાય છે. તેમજ જી.સી.ઈ.આર.ટી અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા યોજાતા કાર્યક્રમોમાં પણ વિદ્યાર્થીઓ ભાગ લે છે. આમ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓ નીચે જેવી પ્રવૃતિઓનાં આયોજન અને અમલમાં જોડાય છે.




> કેળવણી એટલે કક્કો શીખીને બેસી રહેવું એમ નહીં.
>
> પણ કેળવણી એટલે આપણને હકો શું છે તે જાણવું.
>
> હકોની સાથે આપણી જવાબદારી તથા ફરજ શી છે તે સમજવું.
>
> આવી કેળવણી કરોડો માણસોમાં ફેલાવવાની છે.
>
> –ગાંધીજી

# લોકભારતી અધ્યાપન મંદિર , સણોસરા

## દિનચર્યા

| ક્રમ | સમય | પ્રવૃત્તિ-કાર્ય | નોંધ |
|---|---|---|---|
| 01 | 5.30-6.00 | ઉત્થાન-પ્રાત: પ્રવૃત્તિ | વ્યાયામ-દોડ (રસ ધરાવતા છાત્રો) ડબલબાર, મલખમ વિ. |
| 02 | 6.00-6.45 | ગૃહકાર્ય, નાસ્તો, સફાઈ, સ્નાનાદિ | સફાઈ ટુકડીઓ સફાઈ કરે,<br>છાત્રાલય સફાઈ કરે. |
| 03 | 6.45-7.15 | વર્ગખંડ, સફાઈ, વર્ગ પૂર્વ તૈયારી | સોંપેલ કામ ક્રમ પ્રમાણે કરે.(વિદ્યાર્થીઓ) બુલેટીન બોર્ડ સુવિચાર લેખન, વિ. |
| 04 | 8.00-11.00 | યોગ–શૈક્ષણિક કાર્ય | ચાર વર્ગો પ્રમાણે વર્ગ તાસ |
| 05 | 11.15-11.15 | ભોજન પૂર્વતૈયારી | પીરસવા ની પૂર્વ તૈયારી-અન્ય કામ કરે |
| 06 | 11.00-12.00 | ભોજન | પીરસવા ટુકડી પીરસે – અન્ય ભોજન |
| 07 | 12.00-1.50 | આરામ , ગૃહકાર્ય | |
| 08 | 1.50-2.00 | સંમેલન, પૂર્વતૈયારી | |
| 09 | 2.00-2.20 | સંમેલન | |
| 10 | 2.20-5.15 | શૈક્ષણિક કાર્ય-વર્ગ-તાસ | |
| 11 | 5.15-6.00 | રમત ગમત | મનગમતી આઉટ ડોર–ઈન ડોર રમત રમે. |
| 12 | 6.00-6.30 | ભોજન | |
| 13 | 6.30-7.00 | વાયુસેવન | |
| 14 | 7.00-7.30 | સમૂહ સાયં પ્રાર્થના | |
| 15 | 7.30-8.00 | છાત્રાલય વાર હાજરી | બિમાર વિદ્યાર્થીની જાત તપાસ દવા, વિ. |
| 16 | 8.00-10.00 | વાંચન | મુખ્ય પુસ્તકાલય તથા રૂમ પર વાંચન- ઈતરવાંચન |
| 17 | 10.00 | શયન..... | |

**નોંધ-:**

- અઠવાડિયામાં એક દિવસ રાત્રી પ્રવૃત્તિમાં જાણીતા વક્તાશ્રીનું વ્યાખ્યાન ગોઠવાય છે.
- સાયં સમૂહ પ્રાર્થનાના અનુસંધાને જાહેર વ્યાખ્યાન દર શુક્રવારે યોજાય છે.
- મહિનામાં એક કે બે વખત વિદ્યાર્થીઓ દ્વારા જ નક્કી થઇ 'ફિસ્ટ' ગોઠવાય છે.
- છાત્રાલય સુશોભન,આનંદબજાર ,સ્વયં શિક્ષણ દિન વિ. વિદ્યાર્થી મંડળ દ્વારા સત્રમાં એક વખત અચૂક ગોઠવાય છે.
- સમગ્ર સંસ્થાના નિયામક, મુખ્ય ગૃહપતિ તથા ગૃહપતિ –ગૃહમાતાઓના ગૃહપતિ મંડળ સાથે જોડાઈ છાત્રાલયલક્ષી પ્રવૃત્તિઓ ગોઠવાય છે.

## ગુણવત્તા

ગુણવત્તા કદી પણ અનાયાસે સર્જાતી નથી. એ તો હંમેશના કાળજીપુર્વકના પ્રયત્નો, ચતુરાઈસભર દોરવણી તથા કુનેહભર્યા અમલીકરણની ફલશ્રુતિ છે. જુદા જુદા પ્રાપ્ય વિકલ્પોમાંથી સમજપૂર્વકની પસંદગી દ્વારા ગુણવત્તા સર્જાય છે.

ગુણવત્તા – ખંતીલી મહેનત, વિવેકયુક્ત ધૈર્ય અને દીર્ઘદ્રષ્ટિનું પરિણામ.

# દૈનિક સંમેલનમાં રજૂ થતા કાર્યક્રમો

| | |
|---|---|
| • પ્રાર્થના | • આજની તારીખ આજનો પ્રસંગ |
| • બાલગીત | • પુસ્તક પરિચય |
| • સુવિચાર | • વિશેષ |
| • સમાચાર | • બે બોલ |
| • પ્રસંગ વાચન-પ્રશ્નોત્તરી | • સંઘગાન-ઋતુગીત |

**દૈનિક સંમેલન**

| વાર | પ્રાર્થના | સંઘગાન | વિશેષ |
|---|---|---|---|
| સોમવાર | ૐ તત્ સત..... | હમ એક હૈ.... | એકાદશ વ્રત |
| મંગળવાર | મંદિર તારું ..... | રાષ્ટ્રની જય..... | પ્રતિજ્ઞા |
| બુધવાર | અમે તો તારા..... | જય જગત..... | ઘડિયાગાન |
| ગુરુવાર | ઇતની શક્તિ..... | ધરતી કી શાન..... | પ્રતિજ્ઞા (હિન્દી) |
| શુક્રવાર | **GOD'S LOVE.....** | **WE SHALL.....** | પ્રતિજ્ઞા (અંગ્રેજી) |
| શનિવાર | અધરં મધુરં..... | ભોમિયા વિના..... | શ્લોક ગાન |

## દર શુક્રવારે વિશિષ્ટ સંમેલન

શિક્ષકની પ્રાર્થના

હે સર્જનહાર !
મારા ચોર્યાસી લાખ અવતારમાં
એક મને
ચોમાસાનો અવતાર આપો !
જેથી મારા જ્ઞાનનાં ફોરા વડે
બાળકોને ભીંજવી દઉં અને
સર્જી દઉં
સર્વત્ર માણસાઈની સંસ્કૃતિ !

# તમામ સમસ્યાનો ઉકેલઃ શિક્ષણ

આપણી પૃથ્વીને એક 'જીવતા ગ્રહ' તરીકે ઓળખાવાય છે. આપણી ચૈતન્યસભર પૃથ્વી ઉપર કરોડો પ્રકારના અબજો –અબજો સંખ્યામાં જીવો વસે છે. આ તમામે તમામ જીવોને તેમની જરૂરિયાત પ્રમાણે " કીડીને કણ અને હાથીને મણ " મળી રહે તેવી અદ્‌ભૂત ન્યાયી વ્યવસ્થા રચયિતાએ રચી હોવા છતાં એક માત્ર માણસને તેણે અલગ પાડયો છે. માણસ સિવાયનાં તમામ સજીવો પ્રાકૃત જીવો છે, એ તમામ પ્રકૃતિને આધીન છે. પ્રકૃતિએ કરેલી ગોઠવણ – વ્યવસ્થા અને ઘડી આપેલી તેમની જીવનશૈલી તેમજ સમયપત્રક પ્રમાણે એ સૌ જીવો જીવે છે. માણસ પ્રકૃતિને આધીન રહયો આથી તેને સંસ્કૃત રાખવો–બનાવવો અનિવાર્ય છે. અલબત્ત, તેને પ્રકૃતિ સાથેની સુસંવાદી જીવનશૈલી અપનાવવાની હતી, છતાં તેણે પોતાને કુદરતે બક્ષેલી બુદ્ધિ, સાહસવૃત્તિ, કુતૂહલવૃત્તિ, સંવેદનાઓ અને કલ્પનાશકિતની મદદથી પોતાની આગવી સંસ્કૃતિ ઉભી કરી. ગુફામાંથી બહાર નીકળી તેણે અન્ન, વસ્ત્ર, આવાસના વિશિષ્ટ સાધનો વિકસાવ્યા. માનવજાતની પાયાની જરૂરિયાતો સંતોષાય એટલે તેણે આનંદ અને સુખાકારીનાં સાધનો–માધ્યમો શોધી કાઢયા. એટલે સુધી વાંધો ન હતો પણ પછીના તબકકે ભોગ–વિલાસ અને ભૌતિક સુખાકારીની ગળાકાપ હરીફાઇ સાથેની આંધળી દોટે માનવજાતને વિવેકહીન બનાવી મૂકી. પ્રકૃતિને સંસ્કૃત અને વિકૃત કરવાની અદ્‌ભૂત શકિત ધરાવતી માનવજાત, બાહય સુધારાને સંસ્કૃતિ માનીને, અંતઃકરણને ઢંઢોળીને કરવાના, પ્રકૃતિની જાળવણી સાથેના માનવતાભર્યા વ્યવહારને ભૂલી ગઇ. સંસ્કૃતિના આધારે જીવતી માનવજાત વિકૃતિઓમાં ફસાઇ ગઇ.

ઈ.સ. ૧૭૭૭ માં જેમ્સ વોટે શોધેલા વરાળયંત્રથી યાંત્રીકરણના શ્રી ગણેશ થયા. એ પછી માનવજાત ભૌતિક સુખ–સગવડો દ્વારા વિકાસ સાધવાના રંગીન – સંગીન સ્વપ્નાઓ જોતી થઇ ગઇ. માણસની લોભવૃત્તિ અને અસંતોષી મનોવૃત્તિથી જેમ જેમ ભૌતિક સુખ–સગવડો વધતી ગઇ તેમ–તેમ તેની આ ભૂખ–લાલસા ગુણાકાર ગતિએ વધતી ચાલી. વ્યકિત–વ્યકિત વચ્ચેથી માંડીને રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચે વિકાસ બાબતે ગળાકાપ હરીફાઇ શરૂ થઇ. " લોભને થોભ નહીં" જેવી પરિસ્થિતિ નિર્માણ થઇ. કૃષિપ્રધાન સંસ્કૃતિની દસ હજાર વર્ષની સ્થાયી અને સાત્વિક જીવનશૈલીનો અંત આવ્યો અને એક બજારુ સંસ્કૃતિનો ઉદય થયો.

વિકાસનો સીમિત અર્થ "તમામ પ્રકારની ભૌતિક સુવિધાઓ " સમજીને અવિકસિત રાષ્ટ્રો, અર્ધવિકસિત રાષ્ટ્રો અને વિકસિત રાષ્ટ્રો એમ ત્રણેય પ્રકારના રાષ્ટ્રોએ શકય તેટલો વધારે વિકાસ સાધવાના તનતોડ પ્રયત્નો શરૂ કર્યા. ટેક્નોલોજીના આશીર્વાદથી એક પછી એક વિકાસ કાર્યો પણ સંપન્ન થવા લાગ્યા. મળતી સફળતાઓ દ્વારા સુખની વ્યાખ્યા બદલાતી ગઇ અને પૃથ્વીલોકને સ્વર્ગલોક બનાવવાના કોડ જન્મ્યા. વિકસિત દેશો પોતે સ્વર્ગથી એક વેંત જ છેટા છે તેવો દાવો કરીને પોતાની સર્વોપરિતા સાબિત કરવા વિશેષ સક્રિયતાથી ટેક્નોલોજી વાપરવા લાગ્યા.

કોઇપણ પ્રકારની સમૃદ્ધિ માટે, કોઇપણ પ્રકારના ઉત્પાદન માટે અને કોઇપણ ક્ષેત્રના વિકાસ માટે કાચામાલ સમી સામગ્રી અને કાચામાલને પાકો કરવા શકિત (ઉર્જા) ની અનિવાર્યપણે જરૂર પડે છે. કોઇપણ ક્ષેત્રને સમૃદ્ધ થવા અંતે તો કુદરતી સંપત્તિનો જ સહારો લેવો પડે છે. આમ અંતે કોઇપણ ક્ષેત્રનો વિકાસ કુદરતી સંપત્તિની વિપુલતા અને ઉપલબ્ધતા પર જ નિર્ભર છે.

કરોડો વર્ષોની અથાક મહેનતના પરિણામે કુદરતે એક સમતોલિત ઘટમાળ પર્યાવરણના જડ અને ચેતન ઘટકોને ટકાવવા રચી આપી છે. આ સમતોલનમાં મુખ્યત્વે ત્રણ પરિબળો છે અને એ ત્રણેની કામગીરી સંદર્ભે કુદરતે તેનું પ્રમાણ સમાન હિસ્સાથી ગોઠવી આપ્યું છે. આ ત્રણ ઘટકોમાં પ્રથમ ઘટક એટલે ઉત્પાદકો; કે જેમાં વનસ્પતિ જગતનો સમાવેશ થાય છે અને તેનું કામ કુદરતના કાચા માલમાંથી બધું પેદા કરવાનું,સર્જન કરવાનું છે. બીજું ઘટક ઉપભોકતાઓથી ઓળખાય છે એટલે કે ઉત્પાદકોએ પેદા કરેલ માલને વાપરનારા, ભોગવનારા. આ ઘટકમાં માણસ સહિતનાં તમામ પશુ–પંખીઓનો સમાવેશ કરવામાં આવે છે. ત્રીજું ઘટક વિઘટનકારોનું છે ઉપભોકતાઓ દ્વારા ઉત્સર્ગ થતાં અને ઉત્પાદકો દ્વારા વધતાં કે નકામા થતા કચરાને થાળે પાડવાનું બહુ અગત્યનું કામ આ ટુકડીનું છે. વિઘટનકારોમાં સૂક્ષ્મ જીવાણુઓનો સમાવેશ થાય છે. આ ત્રણેય ઘટકો દ્વારા આપણી ચૈતન્યસભર સૃષ્ટિના પર્યાવરણીય તમામ ઘટકોનું અસ્તિત્વ ટકયું છે. પર્યાવરણના અસ્તિત્વનું રહસ્ય આ પરિવર્તનમાં સમાયેલું છે.

કુદરતી સંપતિનો જે ભાગ માનવજાતને જોઈએ છે એ હકીકતે તો ઉપભોકતાઓનો સીધો કે આડકતરો ખોરાક છે જૈવરાસાયણિક પ્રક્રિયાને અંતે તૈયાર થતો આ ખોરાક જનરેટર્સ(ઉત્પાદકો), ઓપરેટર્સ (ઉપભોકતાઓ) અને ડીકંપોઝિટર્સ (વિઘટનકારો)ના સમાન પ્રમાણથી પર્યાવરણને સમતોલિત રાખતાં ઘટકોનો એક હિસ્સો છે. હવે જો આ ૩૩ ટકા હિસ્સો તમામ પ્રકારના, માનવ સહિતના પશુ–પંખી–જીવજંતુઓને ભાગે ન રહેતાં માત્ર માણસ જ ઉપાડી લે તો બાકીના ઉપભોકતાઓ કેમ જીવી શકે? એક ગણતરી પ્રમાણે અત્યારે આ ઉપભોકતાઓના ખોરાકનો ૫૦ ટકા હિસ્સો માત્ર માનવજાત એકલી હડપ કરી જાય છે   આવતાં વર્ષોમાં આ ઉપભોકતાઓના સો એ સો ટકા ખોરાકની એકલી માનવજાતને જ જરૂર પડશે તો પછી બાકીનાં પશુ–પંખી અને જીવડાંઓ શું ખાશે? કઈ ઉર્જાથી જીવશે?

વળી, કુદરતનું ૩૩–૩૩ ટકાવાળું સમતોલન અટકી જાય એટલે જીવ જગતની જીવન–સાંકળ તૂટે. આવું લાંબું ચાલે તો પર્યાવરણ સંપૂર્ણ રીતે છિન્ન ભિન્ન થઈ જાય, અને પરિણામે અંતે તો સર્વનાશ જ થાય.

વર્તમાન અને ભવિષ્યની પેઢીની જરૂરિયાતને ધ્યાનમાં લઈને ગણતરી કરતાં ખ્યાલ આવે છે કે માનવજાતે મૂળ મૂડી જેવી કુદરતી સંપત્તિના વ્યાજને જ વાપરવાનું હતું.  પરંતું એણે તો સમૂળગી સંપત્તિ જ વાપરી નાખી. કુદરતી સંપત્તિનો વિવેકપૂર્ણ ઉપયોગ અને તેના સંરક્ષણનું આયોજન અનિવાર્ય પણે વિકાસની સાથોસાથ સમાંતર ધોરણે ચાલવા જોઈતા હતા પરંતુ માનવજાત પાસે હાથવગી બનેલી ટેક્નોલોજીએ તેને લલચામણી બે વિચારધારાઓમાં સપડાવી દીધી. આ વિચારધારાઓની માનવજાતના જીવન ઉપર અને પરિણામે પર્યાવરણનાં સંરક્ષણ અને અસ્તિત્વ ઉપર ભારે ગંભીર અસર થઈ.

યંત્ર યુગમાં એક વિચારધારા એવી વિકસી કે ટેક્નીકલ દ્રષ્ટિએ શકય હોય એ કરવું, ટેક્નિકલ  દ્રષ્ટિએ છે માટે કરવું એમ  વિચારીએ ત્યારે માનવતાવાદી પરંપરા તો એમ શિખવે છે કે કોઈપણ વસ્તુ ત્યારે જ કરવી  કે જયારે એ હોય, એટલે કે સત્યમ્, શિવમ્ અને સુંદરમ્નો સુયોગ સધાતો હોય.

બીજી વિચારધારા એ વિકસી છે કે વધારે ને વધારે કાર્યક્ષમતા, વધારે  ને વધારે ઉત્પાદન સાધવાં.  હેતુપૂર્વકની પ્રવૃત્તિમાં કાર્યક્ષમતા ઈચ્છનીય છે, પરંતું દરેક ઉત્પાદન હરીફાઈથી અને કાર્યક્ષમતાથી જ કરવામાં ડહાપણ નથી. આજનું આધુનિક વ્યવસ્થાપન તો સો ટકા કાર્યક્ષમ એકમને બિનકાર્યક્ષમ એકમ તરીકે પણ સાબિત કરી શકે છે. વળી, દરેક ઉત્પાદનની ઉત્તમતાની બાબતમાં ઝડપ અને જથ્થો અનિવાર્ય ગણી શકાય નહીં.

ઉપરોકત વિચારધારાથી પ્રયોજેલી ટેક્નોલોજીનાં પરિણામોએ માનવજાતની વિવેકબુદ્ધિને ક્ષીણ કરી નાખી છે. તર્કસંગત વિચાર અને ભાવનાને જુદાં પાડો તો વિચાર વિકૃત થઈને લાગણીવેડામાં ખપી જાય છે. આથી લાંબાગાળાના સાર્વત્રિક લાભ માટે સાધ્યને સિદ્ધ કરવા યોગ્ય સાધનોની પસંદગી અનિવાર્ય બની જાય છે. સાધન અને સાધ્ય વચ્ચેનો ઉચિત સંબંધ સમજીને બધા કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ થવું અનિવાર્ય છે.

સ્પર્ધા અને પરસ્પર સાથેની દુશ્મનાવટ એ માનવ સ્વભાવનાં સાંયોગિક લક્ષણો હોવાથી એ સ્વાર્થવૃત્તિ અને લોભવૃત્તિથી પ્રતિસ્પર્ધાઓમાં જ રચ્યો –પચ્યો રહે છે. સ્પર્ધામાં પ્રથમ નંબરે આવવું એ જ જાણે જીવનની સાર્થકતા છે, તેવું સમજનાર માણસ, ભૌતિક વિકાસની આંધળી દોટમાં વિજ્ઞાન યુગને તેના ભૌતિક સંકજામાંથી મુકત રાખી શકતો નથી.

માણસની આ નબળાઈ સમજી જનારા મહાત્મા ગાંધીએ આથી જ ઈ.સ.૧૯૦૮માં "હિન્દ સ્વરાજ" પુસ્તકમાં માનવજાતને વિજ્ઞાન સાથે અધ્યાત્મનો  સમન્વય કરવા પ્રેરણા આપી છે. એક આર્ષદ્રષ્ટા તરીકે તેમણે માનવજાતના ભાવિ પ્રશ્નોની આગાહી કરીને યોગ્ય ઉપાયો પણ તેમાં સૂચવ્યા છે.

આત્મજ્ઞાન અને વિજ્ઞાન એ મનુષ્યની બે આગવી જ્ઞાનસંપત્તિ હોવાથી વિનોબાજીએ મનુષ્યરૂપી પંખીને આત્મજ્ઞાન અને વિજ્ઞાન એમ બે પાંખો છે તેમ સમજાવ્યું છે. આત્મજ્ઞાન આંખ છે અને વિજ્ઞાન પગ છે, આત્મજ્ઞાન દિશા (દ્રષ્ટિ) આપે છે અને વિજ્ઞાન ગતિ (શકિત) આપે છે. આ બંનેના સમન્વયથી જ પૃથ્વીલોકને સ્વર્ગલોકમાં ફેરવી શકાય તેમ છે. વિકાસ પામેલા દેશોની પરિસ્થિતિનું ભારે વિસ્ફોટક શૈલીમાં પૃથકકરણ કરનાર ટોફલરે પણ જણાવ્યું છે :  "આ બધા દેશોમાં સમૃદ્ધિ જ સમસ્યા બની છે. ભોગવાદી મહાસંસ્કૃતિની ધજા લહેરાવતા આ દેશોમાં વિનાશની જે ઊધઈ લાગી છે, તે આ સમૃદ્ધિની ઈમારતને અંદરથી કોરી રહી છે, તેથી ગમે ત્યારે આ ઈમારત કકડભૂસ કરતી પડશે . કહેવાતાં સુખનાં

સાધનો ખડકી રાખનારા આ દેશોમાં હજુ સુધી 'અમીનો ઓડકાર' કેમ નથી આવ્યો, એ સમજવા જેવું છે એ સમજણમાં જ માનવજાતના સ્થાયી સુખનું રહસ્ય રહેલું છે."

માનવજાતની ચિંતાકારક પરિસ્થિતિનું વિશ્લેષણ કરીને પિયર દિલહાર્ટ જણાવે છે કે માણસે આ પૃથ્વીલોક ઉપર 'પોતાનું જ પ્રભુત્વ અને અધિકાર છે, એ વહેમમાંથી મુકત થવું પડશે. સ્વકેન્દ્રીયતામાંથી મુકત થઈને સર્વનો વિચાર કરવો પડશે. અતિ સ્વાર્થવૃત્તિ એ કુદરત વિરુદ્ધની વાત છે. વૃક્ષની કોઈ એક શાખા તેના તમામ રસકસ ચૂસી જતી નથી કે કોઈ એક શાખા અતિ વિકસી જતી નથી.'વૃક્ષ જીવે તો આખું જીવે અને મરે તો આખું મરે.' વૃક્ષોના તમામ અંગો સૂર્યાભિમુખ થઈને જીવે છે તેમ પર્યાવરણનાં તમામ અંગોને કુદરત સાથેના સંવાદી અભિગમથી જીવાડીને સમાજના તમામ વર્ગોની સુખાકારીની ચિંતા કરવાની છે.

બ્રિટનમાં કાપડની મિલો દ્વારા મોટા પાયે શરૂ થયેલા કારખાના યુગના જરૂરી કાચામાલરૂપી ખોરાકનું ભવિષ્ય ભાખીને મહાત્મા ગાંધીએ ભારે રમૂજ કરતાં જણાવેલું કે "આ બ્રિટન એકલાને જ પૃથ્વીલોકની અડધોઅડધ કુદરતી સંપત્તિની જરૂર જણાય તો આપણે બે ત્રણ બીજી પૃથ્વીઓ આયાત કરવી પડશે "

યાંત્રીકરણ પછી વિકાસનો સાદો અર્થ ભૌતિક સુવિધાઓ જ છે તેમ સમજીને માનવજાતે પરંપરાગત વિકાસની આ ઘટમાળ ચાલુ રાખવા માટે કુદરતી સ્ત્રોતોનો શકય તેટલો વધારે ઉપયોગ કરવા ટેક્નોલોજીને વધારે ને વધારે કાર્યક્ષમ બનાવી. ટેક્નોલોજીની કાર્યક્ષમતા જેમજેમ વધતી ગઇ તેમ તેમ સ્ત્રોતોની ઉપલબ્ધતા અનેક ગણી વધતી ચાલી અને પરિણામે કુદરતી સ્ત્રોતોના અતિશોષણની હરીફાઈ શરૂ થઈ, કુદરતી સ્ત્રોતો ઉલેચાવા લાગ્યા.

એક તટસ્થ અભ્યાસ એવુંય સૂચવે છે કે માનવજાતે આ બધું જાણી જોઇને 'હેતુપૂર્વક' કર્યું છે અથવા તો પોતે જે ડાળી ઉપર બેઠો છે એ જ ડાળે કુહાડો મારવાનું કામ સભાનતાપૂર્વક કર્યું છે, તેમ કહી શકાય નહીં. અમુક ઉત્પાદન વધારવું અનિવાર્યપણે સમયની માંગ પ્રમાણે જરૂરી પણ હતું. જેમ કે બીજા વિશ્વયુધ્ધ પછીના ચાર દાયકા સુધી હરિતક્રાંતિની ખેતી દુનિયા માટે ઈર્ષારૂપ બની રહેલી છે. ભારતની ખેત–ઉત્પાદનની વિવિધતાઓ દુનિયાને હેરત પમાડતી રહી છે.

પ્રાકૃતિક સાધનોની વૈશ્વિક બેઠકને સંબોધતી વખતે વિશ્વ વિખ્યાત કૃષિવિજ્ઞાની ડૉ.સ્વામીનાથને સમજાવ્યું કે ખેતીની પેદાશોના વધારા સાથે જમીનની ફળદ્રુપતા ઘટવાનું, પાણીનાં તળ ઉંડા જવાનું, જમીન ધોવાણ, ક્ષારીકરણ, પાણીનો ભરાવો, અનિયમિત વરસાદ અને અનેક પ્રકારના કુદરતી પ્રકોપો થવા વગેરે પણ સાથોસાથ જ બન્યું છે ડૉ.સ્વામીનાથને ઉત્પાદનને પર્યાવરણની નરવાઇ સાથે સીધો સંબંધ છે તેવું સાબિત કરવા પ્રયત્ન કર્યો છે. સમગ્ર વિશ્વમાં અત્યારે આધુનિક ટેક્નોલોજીનો વિકાસ થયો હોવા છતાં કુદરતી સાધન–સંપત્તિમાં થયેલી ક્ષીણતાએ સમગ્ર વિશ્વમાં ખેત–ઉત્પાદન ઘટાડયું છે એ હકીકત માનવજાતને ઘણું શિખવી જાય છે.

કુદરતી સ્ત્રોતોના ખૂટવા અને પ્રદૂષિત થવા ઉપરાંત માનવજાત સામે આવી પડેલા કેટલાક નવા અસાધ્ય રોગોએ પણ માનવજાતને વિચારતી કરી મૂકી છે. પર્યાવરણના પ્રશ્નોએ ઊભી કરેલી અનેક પ્રકારની સમસ્યાઓએ હવે વિકાસની વ્યાખ્યા બદલવાની ફરજપાડી છે. નાશ પામી રહેલા જીવ જગતનાં વૈવિધ્યોએ પણ પર્યાવરણની સમતુલાને ભારે મોટી હાનિ પહોંચાડી છે તેમ હવે સૌ સ્વીકારતા થયા છે.

આ સઘળી ઘટનાઓ અને હકીકતોએ માનવજાતને માત્ર વિકાસની વ્યાખ્યા જ નહીં, વિકાસની પ્રક્રિયાને પણ બદલવાની ફરજ પાડી છે. આ વિચારમંથન પછી વિકાસનાં સ્થાને હવે " ટકાઉ વિકાસ ", "સંપોષિત વિકાસ", "ચિરંજીવી વિકાસ", "નિરંતર વિકાસ" કે "સ્થાયી વિકાસ" ની વાત થવા લાગી છે.

વિકાસના ક્ષેત્રમાં 'સર્વોદય વિચાર'– એ પ્રાણવાયુ સમાન હોવાથી પર્યાવરણનાં જતન તથા સંરક્ષણ સાથે સાધેલો વિકાસ જ સ્થાયી વિકાસ છે તેમ હવે માનવજાત સ્વીકારતી થઇ છે, એ શુભ નિશાની છે. પરંતુ આમાં જબરો વિરોધાભાસ ત્યાં છે કે શું પર્યાવરણનાં ઘટકોનું જતન–સંરક્ષણ–સમૃદ્ધિ અને જીવનની ગુણવત્તા જાળવવા સાથે ભૌતિક વિકાસ પણ સાધવો એ ખરેખર આજે શકય છે ખરું ?

પર્યાવરણનાં જતન, કુદરતી સ્ત્રોતોનાં શોષણ, ગરીબી, વસ્તી વધારો, ટેક્નોલોજીનો પ્રકાર, જે તે પ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિ અને માનવજીવનશૈલીના વિકાસ સાથે સીધો સંબંધ છે તેમ હવે સૌ સ્વીકારે છે. મહાત્મા ગાંધીએ

સમજાવેલું કે "સાચો સ્થાયી વિકાસ ત્યારે જ સાધી શકાશે કે જયારે માનવજાત દ્વારા વપરાતો તમામ કાચો માલ અને વપરાતી તમામ ઊર્જા પુનઃપ્રાપ્ય સ્ત્રોતો દ્વારા મેળવાયાં હોય." આ શાણી શીખની સામે વિકાસ પામેલા દેશોએ "વાપરો અને ફેંકી દો" ની જીવનશૈલી વિકસાવીને પર્યાવરણનાં સ્ત્રોતોનો વિવેકપૂર્ણ ઉપયોગ ભુલાવી દીધો. મહાત્મા ગાંધીએ જીવનશૈલી સંદર્ભે આપેલ સંદેશ–"Earth has enough to satisfy every man's need, but not for every man's greed" (સર્વની જરૂર અર્થે છે સઘળું પૃથ્વી પાસ, કહે ગાંધી લોભ કાજે, નહીં રાખશો આશ ) પર્યાવરણના જતનને કેટલો બધો પોષક છે એ હવે સમજાય છે.

અલબત્ત, આ સમજણ સમાજના તમામ ક્ષેત્રે, રાજકારણીઓ, સમાજસેવકો, અર્થશાસ્ત્રીઓ, સાહિત્યકારો, કલાકારો, શિક્ષકો, ઉદ્યોગપતિઓ, કારીગરો, ખેડૂતો, વિજ્ઞાનીઓ અને ધર્મગુરુઓમાં પણ આવશે ત્યારે જ આપણી જીવનશૈલીમાં એ વ્યવહારું બનશે.

વિશ્વના નિષ્ણાંતો ભારત દેશનો સર્વાંગી અભ્યાસ કરીને એવું કહે છે કે "ભારત દરેક ક્ષેત્રે અંતિમ છેડાઓ ધરાવતો અને વિરોધાભાસ ધરાવતો દેશ છે." જેમ કે ભારતમાં હજુ બળદગાડું પણ છે અને અદ્યતન મિસાઈલ પણ છે. અમુક પ્રદેશ અત્યંત પ્રદુષિત જયારે અમુક પ્રદેશ સંપૂર્ણ આરક્ષિત છે. પ્રાકૃતિક અને સાંસ્કૃતિક એમ બંને ક્ષેત્રે છેડાનાં દ્રષ્ટાંતો જોવા મળતા હોવા છતાં ભારત દેશનો મૂલ્યવાન સાંસ્કૃતિક વારસો તો ઉપનિષદના શ્લોકની જેમ પ્રકૃતિ સાથે સંવાદનો છે, વાદ કે પ્રતિવાદનો નહીં.

**ईशावास्यमिदं सर्वं यत्किं च जगत्यां जगत् ।**
**तेन त्यक्तेन भुंज्जीथा: मा गृधः कस्यस्विद धनम् ।।**

અર્થાત્ આ સકળ સૃષ્ટિમાં , જીવ–જગત, જડ–ચેતન સૌમાં ઈશ્વરનો અંશ વસેલો છે. આ સૃષ્ટિનું ચાલકબળ એ કુદરત છે. આ સૃષ્ટિ સૌ કોઈની છે. તમામ જીવો સમાન છે. એમાં માણસનું સ્વામીત્વ કે આધિપત્ય નથી, સૌએ સમાન અધિકારથી જીવવાનું છે. તારા–મારાનો સ્વાર્થીભાવ, લોભવૃત્તિ છોડીને, ત્યાગીને ભોગવવાનું છે. જયારે સઘળું કુદરતનું જ છે ત્યારે કોઈ વસ્તુ કે ધન કયાં આપણાં છે? આથી ગીધની માફક કશું જ ઝૂંટવી કે પડાવી લેવાના બદલે કુદરત સાથેના સંવાદી જીવનનો સ્વીકાર કરી આનંદ માણવાનો છે.

ઈશોપનિષદના પ્રથમ શ્લોકમાં જ આવો અત્યંત પ્રભાવશાળી સાંસ્કૃતિક વારસો આપણને વારસામાં મળ્યો છે. આ સિવાય પણ આપણાં ધર્મ અને જીવનશૈલી એવાં રહયાં હતાં કે વિદેશીઓએ પણ નોંધ કરવી પડે છે કે – " Indian philosophy has always advocated living in peace and harmony with nature " .

આવો ભવ્ય સાંસ્કૃતિક વારસો છોડીને આપણે પશ્ચિમી સંસ્કૃતિના અનુકરણમાં ફસાઈને ભૌતિક સુખ સગવડોની આંધળી દોડ – સ્પર્ધામાં અટવાઈ પડયા. કુદરત સાથેના સંવાદી જીવનને ત્યજીને કુદરતનાં સ્ત્રોતોનાં આપણાં સ્વાર્થ ખાતર અતિશોષણ તરફની લોભી જીવનવૃત્તિને અપનાવી બેઠાં. કુદરત પરનાં આ સ્વામીત્વભાવે અકુદરતી વલણ વૃત્તિને જન્માવી. મહાવીર, બુદ્ધ અને ગાંધીજીનાં " અહિંસા પરમો ધર્મ " ની અસર નીચે આપણે ઘણાં વર્ષો સંયમી રહયા. પરંતુ આંજી નાખતી ભૌતિક સુખાકારીની લોભ–લાલચે માનવજાતને ભાન ભુલાવ્યું. મહાત્મા ગાંધીએ આપેલી શીખ, ઉપદેશ વચન પૂરતી જ રહી ગઈ

પરિણામે આજે હવે માનવજાત સામે વસ્તી–વધારો, ઊર્જાની અછત અને કુદરતી સ્ત્રોતોના અતિશોષણ તેમજ તેનાં પ્રદૂષિત થવા જેવી વૈશ્વિક સમસ્યાઓ વિકરાળ સ્વરૂપે મોં ફાડીને ઊભી છે આ બધું જાણ્યા, સમજયાં અનુભવ્યા પછી પ્રશ્ન એ થાય છે કે આ બધું ઉકેલશે કોણ ? તે શેનાથી અને કેમ કરીને ઉકેલાશે? પ્રથમ જીવબિંદુને જન્માવ્યા પછી પુરા બે અબજ નવ્વાણુ કરોડ અને નવ્વાણુ લાખ વર્ષ પછી પ્રગટાવેલા માણસને કુદરતે સાવ પોતાના અંકુશમાં રાખવાના બદલે તેને કેટલીક સ્વાયત્તતા બક્ષી છે માણસ પોતાની સંસ્કૃતિને આધીન થયો છે. આ સંસ્કૃતિ સંસ્કારોથી ટકે છે અને સંસ્કાર–પ્રાપ્તિનું એકમાત્ર સાધન એ શિક્ષણ છે. શિક્ષણ માટેના સ્થળો, માધ્યમો, સાધનો, શિક્ષકો વગેરેની કોઈ સીમા કે બંધનો નથી. આજે માનવજાત ઉપર ઉતરી રહેલા જીવલેણ કુદરતી પ્રકોપો, તેની ધોવાઈ રહેલી સંસ્કારિતા અને ક્ષીણ થઈ

રહેલી માનવતાને બચાવવા માટે આપણી પાસે એકમાત્ર  રામબાણ ઈલાજ કોઈ હોય તો તે છે શિક્ષણ, શિક્ષણ અને શિક્ષણ.

સોક્રેટિસે પણ સમજાવ્યું છે કે માણસ મૂળભૂત રીતે સજ્જન જ છે, જે કોઈ દોષ દેખાય છે એ અજ્ઞાનના કારણે છે. જ્ઞાન દ્વારા માણસની નબળાઈ અને બુરાઈ દૂર કરી શકાય છે. આ જ્ઞાન આપવા માટેનું એકમાત્ર સાધન કોઈ હોય તો તે શિક્ષણ જ છે. અમેરિકાથી પાછાં ફરેલાં સ્વામી વિવેકાનંદે પણ ભવિષ્યના સશકત ભારતના નિર્માણ માટે શિક્ષણ જ અસરકારક સાધન સાબિત થશે તેવું કહયું હતું.

શિક્ષણને પરિવર્તનના એક અત્યંત શકિતશાળી સાધન તરીકે પ્રયોજનાર મેકોલોએ પણ સમજાવ્યું હતું કે '' જો તમે એક વર્ષનું આયોજન વિચારતાં હો તો અનાજ વાવો. દસ વર્ષનું આયોજન કરતાં હો તો ફળાઉ વૃક્ષ વાવો, પણ જો જિંદગીભરનું કાયમી આયોજન ઘડતાં હો તો શિક્ષણ વાવો.''

એક દલીલ એવી પણ થાય છે કે માણસમાં રહેલાં અનુભવમાંથી શીખવાના અને શીખીને બીજાને શિખવવાનાં આગવા કૌશલ્યએ જ તેને અન્ય પશુ–પંખીથી અલગ બનાવ્યો છે. આમ મનુષ્યને જન્મ આપ્યો પ્રકૃતિએ પણ શિક્ષણે તેણે સંસ્કારો બક્ષીને દ્વિજ બનાવ્યો છે.

એકવીસમી સદીના પ્રધાનસૂત્ર તરીકે વિશ્વની વિભૂતિઓએ આપેલું સૂત્ર 'માનવીય અભિગમ ધરાવતું હકારાત્મક મૂલ્યનિષ્ઠ શિક્ષણ ' નું છે   આમ તમામ ક્ષેત્રનાં અનુભવી તજ્જ્ઞો માનવજાતને ઉગારનાર અને ઉજાગર કરનાર પરિબળ તરીકે શિક્ષણને જ ગણાવે છે. સામાન્ય રીતે આપણો પ્રશ્ન એ રહયો છે કે –''માણસ સુધરશે  કયારે ?'' અનુભવી તજ્જ્ઞો કહેતા રહયાં છે કે ''જયારે આપણું શિક્ષણ સુધરશે ત્યારે .'' ચાલો ત્યારે શિક્ષણ સુધારવા મંડી પડીએ...

ડૉ.અરુણકુમાર દવે
મેનેર્જીંગ ટ્રસ્ટી
લોકભારતી ગ્રામવિદ્યાપીઠ

"વર્ગમાં હું આનંદિત ચહેરે જઈશ, વિદ્યાર્થીઓના નમસ્કાર
પ્રેમપૂર્વક ઝીલીશ, તેમની વચ્ચે બેસીશ ને તેમના ખબર અંતર
પૂછીશ, તેમનાં કપડાલત્તા, આંખ, નખ તપાસીશ અને સાફ કરાવીશ.
પછી સૌને કહીશઃ
"ચાલો, આપણે આંખો મીંચી શાંત બેસીએ, તે વખતે
હું એકાદ ભજન ગાઈશ, એકાદ વાર્તા કહીશ. હસીને હું તેમને કહીશઃ
"પાઠ તૈયાર ન થયા હો તો કરી લ્યો. જે પાઠ તૈયાર કરી લાવ્યા હશે તેમને
બીજાને શીખવવા મોકલીશ. પાઠ પૂરા કરીને સૌની
સાથે રમવા ઉપડીશ ને પછી ભેગા મળી પ્રાર્થના કરી ઘેર જઈશ.
- ગિજુભાઈ બધેકા

# પ્રાર્થના...

સામાન્ય રીતે આપણે બહાર–બહાર જીવીએ છીએ. બર્હિમુખ થઈને જીવીએ છીએ, બાહ્ય જીવવા માટે કુદરતે આપણને પાંચ ઈન્દ્રિયો આપી છે. જેનાથી આપણે બહારની દુનિયા સાથે સતત સંપર્કમાં રહીએ છીએ અને તેની સાથે પ્રત્યાયન કરતા રહીએ છીએ. આપણો બહારની દુનિયા સાથેનો સંબંધ અને સંપર્ક એટલો ઘનિષ્ટ થઈ જાય છે કે અંદરની દુનિયા – અંતર્જગત જેવું કાંઈ હોય છે કે નહીં તેનું પણ આપણને ભાન રહેતું નથી. આપણે બહારની દુનિયામાં ગળાડૂબ રહીએ છીએ. પછી બને છે એવું કે બહારની દુનિયાના સુખ અને દુઃખ , આરોહ – અવરોહ , પ્રશંસા – નિંદા , હરખ– શોક વગેરે પણ એક સાથે એક ફ્રી ના સિંધ્ધાંત મુજબ આપણા ગજવામાં આવી પડે છે. જયાં સુધી આમ સુખ, હરખ, પ્રશંસા, પ્રગતિ વગેરે જ આવે ત્યાં સુધી આપણે મોજ મસ્તીમાં રહી શકીએ છીએ. પણ જયારે આથી ઉલટું પરિણામ આવે છે ત્યારે આપણે પરેશાન થઈ જઈએ છીએ. શોકમાં ડૂબી જઈએ છીએ , વિહ્વળ થઈ જઈએ છીએ, કયારેક તો મનની સમતુલા ગુમાવી બેસીએ છીએ અને લાંબા સમય સુધી તેમાંથી બહાર નીકળી નથી શકતા. મનોચિકિત્સકની સારવાર લેવા સુધી જવું પડે છે, અને મનોચિકિત્સક શું કરે છે વળી? એ કેટલીક એવી દવાઓ આપે છે કે જે આપણા સંવેદન – ચેતાતંત્રને નિષ્ક્રિય કરી દે છે. એટલે દર્દ નિર્મૂળ થતું નથી પરંતુ દર્દ પ્રત્યે આપણે ભાન ગુમાવીએ છીએ. આ સારવાર લાંબા ગાળે નુકશાનકારક નીવડે છે.

આ બધી વિગતો આપણે જોઈ એ બધી આપણી કેવળ બાહ્ય જીવન શૈલીનું પરિણામ છે. આમાંથી બચવા અંદરની દુનિયામાં ડોકિયું કરવું અત્યંત આવશ્યક છે. અંદરની દુનિયા પણ બહારની દુનિયા જેટલી જ વિશાળ અને અનંત છે, એટલી જ રસિક–રસપ્રદ છે. માત્ર એનો સ્વાદ ચાખ્યો ન હોય ત્યાં સુધી એ આપણને નિરસ અને શુષ્ક લાગે છે. કેરી ખાઈએ નહીં ત્યાં સુધી માત્ર વર્ણનથી એના સ્વાદની ખબર પડતી નથી. અથવા એની અનુભૂતિ થતી નથી. પ્રાર્થના એ અંદર ની દુનિયામાં ડોકિયું કરવા કે ડૂબકી મારવાની એક ઉત્તમ પ્રક્રિયા છે. પ્રાર્થના અનેક રીતે થઈ શકતી હોય છે. આવી અનેક પધ્ધતિઓ માંથી આપણને અનુકૂળ પધ્ધતિ આપણે જ શોધી લેવી પડે. આપણા માટેની યોગ્ય પધ્ધતિ કોઈ અન્ય ન શોધી શકે કે અન્ય કોઈ નકકી કરી આપી ન શકે. બહુ બહુ તો અધિકૃત સદ્ગુરુ આ અંગે માર્ગદર્શન આપી શકે છે.

પ્રાર્થના અંગે વધુ વિગતોથી સભર લખાણ લખી શકાય પણ અહી આપણે આ વિગત ટુંકાણથી જોઈએ.

- પ્રાર્થનાનું સ્થળ શાંત, સ્વચ્છ અને પવિત્ર હોવું અનિવાર્ય ગણાય. આમ કરવા માટે ઘોંઘાટથી મુકત હોય, સ્વચ્છ હોય તેવી જગ્યા પસંદ કરવી જોઈએ, અંધારું અથવા ઝાંખો પ્રકાશ, મંદ મંદ સુગંધ ( તીવ્ર સુગંધ અડચણ કરી શકે ) માટે સારી અગરબત્તી, ગુગળ કે લોબાન જેવો ધુપ, સુગંધિત ફુલોની ફુલદાની વગેરે ગોઠવી શકાય.

- સંગીત સુમધુર અને ધીમું ધીમું વાગે તો તે આમાં મદદરૂપ થાય છે. ખૂબ મોટા અવાજવાળું સંગીત ખુબ જ નડતરરૂપ થાય છે.

- બેસવા માટેનું આસનિયું સ્વચ્છ અને સુંવાળું હોય. ( અથવા વાગે તેવું ખરબચડું ન હોય. )

- બેસવાનું આસન પણ આપણા શરીર ને અનુકૂળ હોય તેવું હોવું જોઈએ. કોઈ નિશ્ચિત આસન પ્રાર્થના માટે જરૂરી નથી. પરંતુ સુખાસન જ ઉત્તમ ગણાય છે. બીનજરૂરી કોઈ મુદ્રા કે આસનમાં બેસવાથી શરીરને તે અનુકૂળ ન હોય તો આપણું ચિત્ત તેમાં જ રોકાયેલું રહે છે. એટલે આવું બીનજરૂરી કંઈ કરવું હિતાવહ નથી.

- આસન સુખાસન હોય  તે જરૂરી છે. પરંતુ એનો અર્થ એવો પણ નથી કે એ આસનમાં શરીરમાં આળસ પ્રસરી જાય કે નિંદ્રા કે તંદ્રા અવસ્થામાં આપણે પ્રવેશી જઈએ. દા.ત. આડા પડીને પ્રાર્થના લાંબો સમય ન થઈ શકે, નિંદ્રાધીન થઈ જવાય.

- પ્રાર્થના એ નિષ્ક્રિયતા નથી પણ એક વિશેષ પ્રકારની સક્રિયતા  છે.

- આંખો બંધ જ રહે એ અનિવાર્ય ગણાય કારણ કે આંખો એ બહારની દુનિયા સાથેના સંપર્કનું પ્રબળ માધ્યમ છે. એટલે ખુલ્લી આંખ હોય  તો તરત જ આપણે બહારની દુનિયા સાથે પ્રત્યાયન કરવા લાગી જઈએ છીએ...જોવા લાગીએ છીએ કે કોણ આપણી બાજુમાં બેઠું છે ? કોણ આપણી સામે જુએ છે ? કોણ કેમ બેઠું છે? કોણ શું કરે છે ? વગેરે.

- કાન અને મુખ પણ એવી જ ઈન્દ્રિયો છે કે જે બાહ્ય દુનિયા સાથે આપણને જોડે છે. પણ મોઢે રૂમાલ બાંધીને  કે કાને પુમડા નાખીને એને બંધ કરવાની જરૂર નથી. થોડા સમય આ અંગેનો પ્રયત્ન કરવાથી આ બંન્ને ઈન્દ્રિયોને પણ નિષ્ક્રિય કરી શકાય છે.

ઉપર બતાવી  તે બધી પ્રવિધિઓ થઈ. મૂળ આવશ્યકતા  છે આપણા ચિત્તની વૃત્તિ, આપણું ચિત્ત / મન અંર્તમુખ થવા ઈચ્છુક હોય કે થાય તો આ બધું સહજ થઈ જાય, આપણા ચિત્તને આપણે કેળવી પણ શકીએ.  જેમ આપણે તરતા શીખી શકીએ તેજ રીતે મન પાસે આપણું ધાંર્યુ કરાવતા પણ શીખી શકાય. પ્રાર્થના આ પ્રક્રિયા કરતા આપણને શીખવે છે. જો એક  વાર આપણે મનને દોસ્ત બનાવી લઈએ તો બહારની દુનિયાના ઉપર જણાવ્યા છે તેવા દ્વંદ્વો પ્રત્યે પણ આપણે તટસ્થ રહી શકતા શીખી શકીએ. અને એ જ જીવનની મોટી સફળતા બની રહે છે. ધીમે ધીમે એવી અવસ્થામાં આપણે પહોંચી જઈ શકીએ કે બહારની દુનિયાના દુઃખ કે સુખ, હરખ કે શોક, પ્રશંસા કે નિંદા આપણા ઉપર અસર ન કરી શકે. અને એ રીતે પ્રાર્થનાથી આપણે આપણા રોજબરોજના જીવનમાં  સરસ  રીતે જીવતા શીખી જઈએ – જેને સૌ સંતો– ચિતંકો– વિશેષજ્ઞો  જુદા  જુદા નામે ઓળખે છે.  હકારાત્મકતા (POSITIVE ATTITUDE ) – જીવન જીવવાની કળા (ART OF LIVING) સ્વીકારભાવ, સાક્ષીભાવ વગેરે.

શ્રી હસમુખભાઈ દેવમુરારિ
નિયામક
લોકભારતી ગ્રામવિદ્યાપીઠ

# વિશ્વ શાંતિનું બ્રહ્માસ્ત્ર : બાલવાડી શિબિર

ગુજરાતના કેળવણી જગતમાં આંબલા, લોકભારતી એક વિશિષ્ટ ભાત પાડતી કેળવણીની સંસ્થાઓ છે. નાનાભાઇ, મનુભાઇ, મૂળશંકરભાઇ, બુચભાઇ જેવા સમર્થ કેળવણીકારો– રાહબરો ના સુંદર માર્ગદર્શન મુજબ આ સંસ્થાઓની સ્થાપના–વિકાસ થયાં. જેમાં લોકભારતીએ ગાંધી પ્રેરિત નઇતાલીમ મારફતે ગામડાંમાં ઉચ્ચશિક્ષણ આપવાનો ભારતભરમાં સૌ પ્રથમ પ્રયોગ કર્યો. જે આજે છ દાયકા સુધીમાં ગામડાંઓ માટે ખૂબ જ પ્રેરક–પોષક અને માર્ગદર્શક રહયો છે.

લોકભારતીના એક મહત્વના શૈક્ષણિક વિભાગ તરીકે લોકભારતી અધ્યાપન મંદિર ગામડાંઓ માટેના નમૂનેદાર શિક્ષકો તૈયાર કરવા માટે વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેના સ્થાપના કાળથી અત્યાર સુધીમાં અધ્યાપન મંદિરે 5400 જેટલા શિક્ષકો તૈયાર કરીને ગામડાંઓની નવરચના માટે કામ કરતાં કયા" છે. જે તમામ શિક્ષક ભાઇ–બહેનો તેમના અભ્યાસકાળની વિશિષ્ટ શિક્ષક તાલીમ, શૈક્ષણિક કાર્યક્રમો અને જીવનલક્ષી પ્રવૃત્તિઓના પરિણામે તેમને શાળાકીય શિક્ષણકાર્યમાં સુંદર હથોટી આવતી હોય છે. આવી હથોટી કેળવાય તે માટેનો એક મહત્વપૂર્ણ કાર્યક્રમ તે " બાલવાડી શિબિર ".

લોકભારતી અધ્યાપન મંદિરમાં ઇ.સ.1972 ના સપ્ટેંબરમાં બાલવાડી શિબિરનો શુભારંભ થયો. જે પૂર્વે અધ્યાપનનાં તાલીમાર્થીઓના શિક્ષકત્વના ઘડતર માટે અમે ગુજરાત નઇ તાલીમ સંઘ પ્રેરિત અને જુ.કાકા તથા અન્નપૂર્ણાબહેન મહેતા દ્વારા સંચાલિત વેડછી સંસ્થામાં બાલવાડી શિબિરમાં તાલીમ માટે જતા. જે સમયગાળા દરમ્યાન સંસ્થાના મોભી–કેળવણીકાર શ્રી મનુભાઇ પંચોળીએ આવી શિબિર અહીં લોકભારતીમાં જ કેમ ન કરીએ ? તેમ સૂચવ્યું. 'દર્શક' નો આ વિચાર અધ્યાપન મંદિરના અધ્યાપકો વતી ઉત્સાહમૂર્તિ આચાર્ય શ્રી ગણેશભાઇ ડાભીએ વધાવી લીધો અને દ.મૂ.બાલમંદિરના વિમુબહેન બધેકા, અનુબહેન ઠકકર અને ફૂલચંદભાઇ પવારના અનુભવપૂર્ણ માર્ગદર્શન તથા સમગ્ર સાથીઓની આગવી નિષ્ઠા, અને વિદ્યાર્થીઓના અદમ્ય ઉત્સાહરૂપી ત્રિવેણી સંયોગ સહયોગ વડે આ કાર્યક્રમ સુંદર સ્વરૂપ ધારણ કરતો ગયો. જે વિકસતાં–વિકસતાં આજના આ સ્વરૂપે સ્થિર થયો છે.

